# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**પાંચમું સત્ર**

**સોમવાર, તા. ૯મી ડિસેમ્બર, ૨૦૧૯**

**પહેલી બેઠક**

**બપોરના ૧૨–૦૦ વાગ્યે**

**૧. શોકદર્શક ઉલ્લેખો**

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.શ્રી દિલીપભાઇ રમણલાલ પરીખ તથા પૂર્વ મંત્રી સ્વ.શ્રી વિઠ્ઠલભાઇ હંસરાજભાઇ રાદડિયા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ડાહ્યાભાઇ પીતાંબરદાસ પટેલ, સ્વ.શ્રી વ્રજલાલ ગીરધરભાઇ ધાણક અને સ્વ.શ્રી ગોપાલભાઇ ગાભાભાઇ ધુઆના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.

**૨. સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૪–સન ૨૦૧૯નું ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસો (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા બાબત) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**.......ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨) સન ૨૦૧૯નું વિધેયક ક્રમાંક–૩૫–સન ૨૦૧૯નું ગુજરાત વિદ્યુત શુલ્ક (દ્વિતીય સુધારા) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

**( પ્રથમ બેઠકનું કામકાજ પૂરું થયા બાદ એક કલાકના વિરામ બાદ બીજી બેઠક મળશે )**

...૨...

# બીજી બેઠક

**૧. પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ–ખનિજ, માહિતી પ્રસારણ, પેટ્રોકેમિકલ્સ, કલાયમેટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેકનોલોજી, જળસંપત્તિ, તમામ નીતિઓ અને કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ હોય તેવી તમામ બાબતો

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી

(૩) માનનીય પાણી પુરવઠા, પશુપાલન, ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી

(૪) માનનીય પોલીસ હાઉસીંગ, બોર્ડર સિક્યુરિટી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતી પ્રભાગ, પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી પુંજાભાઇ વંશ(શૈલેષ પરમાર)માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોરશે:–

તાજેતરમાં અમદાવાદમાં બોપલ ખાતેની ડીપીએસ ઇસ્ટ સ્કૂલ દ્વારા ખોટી NOC રજૂ કરી માન્યતા મેળવેલ હોવાનું બહાર આવતા આ શાળા અનિશ્ચિત મુદત સુધી બંધ કરવાથી આ શાળામાં ભણતાં વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર થઈ છે અને વાલીઓ નવી શાળાઓમાં પ્રવેશ મેળવવા માટે મુંઝવણ અનુભવી રહ્યા છે ત્યારે આ શાળા સંચાલકો સામે યોગ્ય કાર્યવાહી કરી વિદ્યાર્થીઓના ભણતરને અસર ન થાય તે માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

**૩. વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(૧) સન ૨૦૧૯નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૧૯નો ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા) બાબત વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**.......ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**..... માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર**

(૩) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**..... માનનીય રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી રમણભાઇ પાટકર**

(૪) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭–૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

**..... ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૫) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૮–૨૦૧૯ના વાર્ષિક હિસાબો પરનો ઑડીટ અહેવાલ

**..... ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૬) નાણા વિભાગના સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ અન્વયેના આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબના કુલ–૪૧ જાહેરનામા તેમજ આ જાહેરનામા પૈકી ક્રમાંક ૧ થી ૧૫ ઉપરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન

**..... માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ**

(૭) ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ,૧૯૭૨ હેઠળના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના તા.૨૩/૮/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક: જીએચયુ–૨૦૧૯–(૫૭)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ–૨)

**..... માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

(૮) સન ૨૦૦૩ના ભારતીય વીજ અધિનિયમ અન્વયેના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા તા.૩૦/૯/૨૦૧૯ના રોજ બહાર પાડવામાં આવેલા "ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને ઓમ્બુડસમેન વિનિયમો, ૨૦૧૯– જાહેરનામા નં ૨/૨૦૧૯

**..... માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ**

**૪. <u>અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં</u>**

તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં અને ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા અને ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક-૧૮ અને સન ૨૦૧૯ના વિધેયક ક્રમાંક-૨, ૪ અને ૧૦ તથા ચોથા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૯નાં વિધેયક ક્રમાંક-૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૩૬ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

**..........સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

**૫. <u>વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત</u>**

(૧) કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત

**........માનનીય અધ્યક્ષશ્રી**

(૨) જાહેર હિસાબ સમિતિના બીજા અહેવાલની રજૂઆત

**........સમિતિના માનનીય પ્રમુખશ્રી પુંજાભાઇ વંશ/સભ્યશ્રી**

**૬. <u>માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ</u>**

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.''

**૭. <u>માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો પ્રસ્તાવ</u>**

''આ સભાગૃહ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ— ૧૯૭૨ ની કલમ ૩(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યો, પેટા કલમ-૧૦ની જોગવાઇ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યશ્રીની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.''

**૮. <u>માનનીય સહકાર મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલનો પ્રસ્તાવ</u>**

''આ સભાગૃહ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૫૬(૧)(૫) મુજબ ગુજરાત રાજ્ય સહકારી પરિષદ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યશ્રીની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.''

**૯. <u>માનનીય પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારનો પ્રસ્તાવ</u>**

''આ સભાગૃહ સને ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ- ૨૬૬ની પેટા કલમ-૧(ગ) ના ખંડ-(૬) મુજબ રાજ્ય પંચાયત પરિષદ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યશ્રીની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.''

**૧૦. <u>માનનીય અધ્યક્ષશ્રીએ કરવાની જાહેરાત</u>**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય સહકારી પરિષદ, રાજ્ય પંચાયત પરિષદ તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર ખાલી પડેલ એક-એક જગ્યા ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત

**૧૧. <u>સંવિધાન દિવસની ઉજવણી પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રસ્તાવ</u>**

વિશ્વના તમામ લોકતાંત્રિક દેશો પૈકી સૌથી વિસ્તૃત તથા લેખિત એવા ભારતના બંધારણને ૨૬ નવેમ્બર,૧૯૪૯ના દિવસે બંધારણ સભા દ્વારા અપનાવવામાં આવેલ અને તેની અમલવારી તા.૨૬મી જાન્યુઆરી,૧૯૫૦ થી કરાઈ છે. ભારતના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૧૧મી ઓકટોબર, ૨૦૧૫ના રોજ મુંબઈમાં બંધારણના ઘડવૈયા એવા ડૉ.ભીમરાવ આંબેડકરના 'સ્ટેચ્યુ ઓફ ઈકવાલીટી' મેમોરીયલના શિલાન્યાસ પ્રસંગે દર વર્ષે ૨૬મી નવેમ્બરને 'સંવિધાન દિવસ' તરીકે ઉજવવા જાહેર કર્યુ હતું.

બંધારણ સભાની પહેલી બેઠક આજથી ૭૩ વર્ષ પહેલા ૯મી ડિસેમ્બર,૧૯૪૬ ના રોજ મળી હતી. વિશ્વના અન્ય કોઈ દેશનું બંધારણ ભારતના બંધારણ જેટલું વ્યાપક નથી અને બંધારણના ઘડવૈયાઓએ તે ખંતપુર્વક તૈયાર કરેલો દસ્તાવેજ છે. સામાજિક ન્યાય, લોકાભિમુખ વહીવટ, સ્વતંત્ર ન્યાયતંત્ર, સૌને કાયદાનું સમાન રક્ષણ, જાહેર સેવાઓમાં સૌને માટે સમાન તક અને સમાન–આર્થિક જરૂરિયાત સાથે લોકશાહીના મૂળભૂત મુલ્યોની જાળવણીને વાચા આપતો આ દસ્તાવેજ છે. ભારતની પ્રજાએ પોતાને જ તે અર્પણ કર્યુ છે, જે તેની આગવી વિશિષ્ટતા છે. દેશની આઝાદી માટે બલિદાન આપનાર અને આગામી પેઢીની આશા અને આકાંક્ષાઓને ફળીભૂત કરવાના નિર્ધાર સાથે તે સમવાયી માળખું પુરું પાડે છે. ભારતના બંધારણના ઘડવૈયાઓએ આપેલ તેમના અમુલ્ય યોગદાન બદલ આ સભાગૃહ ગૌરવ લે છે.

"સંવિધાન દિવસ" ના સંદર્ભમાં બંધારણ સ્વીકૃતિના ૭૦માં વર્ષે બંધારણમાં સમાવિષ્ટ કરવામાં આવેલ મૂળભૂત ફરજો જેવી કે, સંવિધાનને વફાદાર રહેવાની, ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેનું રક્ષણ કરવા સંદર્ભે નાગરીકો આ ફરજો પરિપૂર્ણ કરવા માટે હકારાત્મક અને અસરકારક ભૂમિકા નિભાવી શકે તે હેતુથી જાગૃતિ લાવવા આ સભાગૃહ કટિબદ્ધતા વ્યકત કરે છે.

**૧૨. <u>સભાગૃહની પ્રથમ બેઠકમાં વિચારણા માટે બાકી રહેલ તમામ સરકારી વિધેયકો</u>**

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૭મી ડિસેમ્બર, ૨૦૧૯**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**

તા.૯-૧૨-૨૦૧૯ના દિવસના કામકાજની યાદીની બીજી બેઠકમાં દર્શાવેલ બાબત ક્રમાંકઃ ૩(ક)નું પત્રક

## પત્રક

| NO. | Notification No. | Date of Issue |
|---|---|---|
| 1 | (GHN-31)/GSTR-2018(19).TH | 07-03-2018 |
| 2 | (GHN-11)GSTR -2019/S.164(37)TH | 29-01-2019 |
| 3 | (GHN-16)/GSTR-2019/(38)-TH | 06-02-2019 |
| 4 | (GHN-25)GST-2019/S.10(1)(5)TH | 07-03-2019 |
| 5 | (GHN-30)GSTR-2019/S.164(39)TH | 29-03-2019 |
| 6 | (GHN-32)GST-2019/S.9(1)(22)-TH | 30-03-2019 |
| 7 | (GHN-43)GST-2019/S.148(15)TH | 24-04-2019 |
| 8 | (GHN-45)GST-2019/S.172(10)-TH | 24-04-2019 |
| 9 | (GHN-46)GST-2019-S.9(1)(25)-TH | 29-04-2019 |
| 10 | (GHN-55)/GSTR-2019/S.164(42)TH | 24-06-2019 |
| 11 | (GHN-56)GST-2019/S.148(16)TH | 28-06-2019 |
| 12 | (GHN-57)GST-2019/S.148(17)TH | 28-06-2019 |
| 13 | (GHN-58)GSTR-2019/S.164(43)TH | 28-06-2019 |
| 14 | (GHN-59)GST-2019/S.172(11)TH | 28-06-2019 |
| 15 | (GHN-60)GST-2019/S.55(3)TH | 01-07-2019 |
| 16 | (GHN-65)GSTR-2019/S.164(44)TH | 18-07-2019 |
| 17 | (GHN-66)GST-2019/S.148(18)TH | 18-07-2019 |
| 18 | (GHN-68)GST-2019/S.148(19)TH | 29-07-2019 |
| 19 | (GHN-69)GST-2019/S.11(1)(44)TH | 31-07-2019 |
| 20 | (GHN-70)GST-2019/S.9(1)(27)TH | 31-07-2019 |
| 21 | (GHN-74)GSTR-2019/S.164(45)TH | 20-08-2019 |
| 22 | (GHN-76)GST-2019/S.172(12)TH | 27-08-2019 |
| 23 | (GHN-78)GST-2019/S.9(1)(28)-TH | 30-08-2019 |
| 24 | (GHN-79)GST-2019/S.148(20)TH | 03-09-2019 |
| 25 | (GHN-80)GST-2019/S.128(15)TH | 03-09-2019 |
| 26 | (GHN-83)GST-2019/S.11(1)(45)-TH | 30-09-2019 |
| 27 | (GHN-84)GST-2019/S.11(1)(46)-TH | 30-09-2019 |
| 28 | (GHN-85)GST-2019/S.11(1)(47)-TH | 30-09-2019 |
| 29 | (GHN-86)GST-2019/S.11(1)(48)-TH | 30-09-2019 |
| 30 | (GHN-87)GST-2019/S.11(1)(49)-TH | 30-09-2019 |
| 31 | (GHN-89)GST-2019/S.9(1)(29)-TH | 30-09-2019 |
| 32 | (GHN-91)GST-2019/S.9(3)(14)-TH | 30-09-2019 |
| 33 | (GHN-92)GST-2019/S.9(4)(2)-TH | 30-09-2019 |
| 34 | (GHN-93)GSTR-2019/S.164(46)-TH | 30-09-2019 |
| 35 | (GHN-95)GST-2019/S.7(2)(3)-TH | 30-09-2019 |
| 36 | (GHN-96)GST-2019/S.10(1)(6)TH | 30-09-2019 |
| 37 | (GHN-97)GST-2019/S.148(21)-TH | 30-09-2019 |
| 38 | (GHN-98)GST-2019/S.148(22)-TH | 10-10-2019 |
| 39 | (GHN-99)GST-2019/S.148(23)TH | 10-10-2019 |
| 40 | (GHN-100)GST-2019/S.128(16)TH | 10-10-2019 |
| 41 | (GHN-102)GST-2019/S.172(13)TH | 10-10-2019 |

KHPathak

(K.H.Pathak)
Joint Secretary (Tax),
Finance Department.